ESTD. 1973

PROFESSIONAL EXCELLENCE

CVO Chartered & Cost Accountants Association

PUBLIC SEMINAR ON "UNION BUDGET 2019"

The Finance Bill, 2019



C A NITIN M. MARU

B.Com , LLB (Gen) , FCA

NITIN MARU & ASSOCIATES

મુક્તિ મર્યાદા - આકારણી વર્ષ ૨૦૨૦-૨૧

- વ્યકિત, HUF, AOP તેમજ BOI ની આકારણી વર્ષ ૨૦૧૯-૨૦ માટેની રૂા. ૨,૫૦,૦૦૦/- ની મુકિત મર્યાદાને આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂા. ૨,૫૦,૦૦૦/- યથાવત રાખવામાં આવેલ છે.

- રહીશ સીનીયર સિટીઝનની આકારણી વર્ષ ૨૦૧૯-૨૦ માટેની રૂા. ૩,૦૦,૦૦૦/- ની મુકિત મર્યાદાને આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂા. ૩,૦૦,૦૦૦/- યથાવત રાખવામાં આવેલ છે.

- રહીશ સુપર સીનીયર સીટીઝનની આકારણી વર્ષ ૨૦૧૯-૨૦ માટેની રૂા. ૫,૦૦,૦૦૦/- ની મુક્તિ મર્યાદાને આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂા. ૫,૦૦,૦૦૦/- યથાવત રાખવામાં આવેલ છે.

કરના દર - આકારણી વર્ષ ૨૦૨૦-૨૧

- વ્યક્તિ, HUF, AOP તેમજ BOI માટે આવકવેરા દર માળખામાં કોઈ સુધારો ન હોતા કરના દરો આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ માટે યથાવત ચાલુ રહેશે.

- ભાગીદારી પેઢી, LLP, સોસાયટી, Local Authority, માટે આવકવેરા દર માળખામાં કોઈ સુધારો ન હોતા કરના દરો આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ માટે યથાવત ચાલુ રહેશે.

- ડોમેસ્ટીક કંપની જેનો વર્ષ ૨૦૧૭-૧૮માં ટોટલ Turnover / Gross Receipts, રૂા. ૪૦૦ કરોડથી વધુ ન હોય તેમના માટે કરનો દર 30% થી ઘટાડીને ૨૫% કરવામાં આવેલ છે.

સરચાર્જના દર આકારણી વર્ષ ૨૦૨૦-૨૧

- રૂા. ૫૦ લાખથી વધુ આવક ધરાવતા વ્યક્તિ, HUF, AOP અને BOI કરદાતાઓના કેસમાં સરચાર્જ નીચે પ્રમાણે રહેશે.

આવક	આકારણી વર્ષ ૨૦૧૯-૨૦	આકારણી વર્ષ ૨૦૨૦-૨૧
૫૦ લાખથી વધુ અને ૧ કરોડ સુધી	૧૦%	૧૦%
૧ કરોડ થી વધુ અને ૨ કરોડ સુધી	૧૫%	૧૫%
૨ કરોડથી વધુ અને ૫ કરોડ સુધી	૧૫%	૨૫%
૫ કરોડથી વધુ	૧૫%	૩૭%

- અન્ય કરદાતાઓ માટે સરચાર્જમાં કોઈ ફેરફાર નથી.

સ્વાસ્થ્ય અને શિક્ષણ ઉપકર આકારણી વર્ષ ૨૦૨૦-૨૧

- Health & Education Cess ૪% છે. તેમાં કોઈ ફેરફાર નથી.

કલમ ૮૭એ હેઠળ મળવા પાત્ર રીબેટની મર્યાદામાં વધારો

- આ કલમ આકારણી વર્ષ ૨૦૧૪-૧૫ થી આમેજ કરવામાં આવેલ છે.
- આ કલમનો લાભ ફક્ત રહીશ વ્યક્તિ (Individual Resident) કરદાતાને મળે છે.
- હાલની જોગવાઈ પ્રમાણે આ કલમનો લાભ જો કરપાત્ર આવક રૂા. ૩.૫૦ લાખથી વધુ ન હોય તો મળે અને રીબેટ વધુમાં વધુ રૂા. ૫,૦૦૦/- સુધી મળે છે.
- હવે આ કલમમાં આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ થી ફેરફાર કરવામાં આવેલ છે.
- હવે રહીશ વ્યક્તિની આવક રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ ન હોવી જોઈએ અને રીબેટની મર્યાદા રૂા. ૨,૫૦૦/- થી વધારીને રૂા. ૧૨,૫૦૦/- કરવામાં આવેલ છે.

કલમ ૧૦(૧૨એ) : NPS માંથી કરદાતા એકાઉન્ટ બંધ કરવાના અથવા સ્કીમમાંથી બહાર જવાના તબક્કે મળતી રકમ માટે કરમુક્તિ ૪૦% થી વધારીને ૬૦%

- કલમ ૧૦(૧૨એ) ની હાલની જોગવાઈ હેઠળ કર્મચારી (employee) ઉપરાંત અન્ય કરદાતા ને NPS એકાઉન્ટ બંધ કરવાના તબક્કે કે તેના દ્વારા NPS માંથી બહાર નીકળવાને સમયે મળતી કુલ રકમની ૪૦% રકમ કરમુક્ત ગણવામાં આવે છે.
- હવે આ કલમ હેઠળ કરદાતાને મળતી ૬૦% સુધીની રકમ કરમુક્ત ગણાશે.
- કલમ 80CCD (1B) - up to Rs. 50,000/- in NPS
- કલમ 10 (12B) - Partial withdrawal - 25% of employee's Conribution.

કલમ ૧૬ હેઠળ સ્ટાન્ડર્ડ ડીડ્‌કશનમાં વધારો

- આકારણી વર્ષ ૨૦૧૮-૧૯થી પગારમાંથી રૂા. ૪૦૦૦૦/- અથવા પગારની રકમ, બેમાંથી જે ઓછું હોય તેનો તેને સ્ટાન્ડર્ડ ડીડ્‌કશન તરીકે બાદ આપવાની જોગવાઈ છે.
- હવે આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ થી સ્ટાન્ડર્ડ ડીડકશનની રકમ રૂા. ૪૦૦૦૦/- થી વધારીને રૂા ૫૦૦૦૦/- કરવામાં આવી છે.
- પેન્શનરોને પણ આ કલમનો લાભ મળશે (4th April, 2018 Press Release)

કલમ 89(1) હેઠળ મળતી આવકવેરાની રાહત માટે વ્યાજ ચૂકવણી અંગે જરૂરી ફેરફાર

- હાલની કલમ 89(1) ની જોગવાઈ મુજબ, જ્યારે કોઈ કરદાતાને પગારના એરીયર્સ કે એડવાન્સ એક સાથે મળે તો ઉંચા દરે કર ભરવાનું થાય અને એવા સંજોગોમાં કરદાતને રાહત આપવાની જોગવાઈ છે.
- આવી રાહત માટે Rule 21-A માં જોગવાઈ છે અને કરદાતા આવકવેરા અધિકારીને વિનંતીપત્ર આપી શકે.
- એરીયર્સની આવક જે પાછલાં વર્ષોને લગતી હોય તે પ્રત્યેક વર્ષની આવક ગણીને જે તે વર્ષમાં લાગુ પડતા આવકવેરાના દરોએ આવકવેરાની ગણતરી કરવામાં આવે છે.
- અને જે વર્ષમાં એક સાથે એરીયર્સ મળવાને કારણે વધારે ભરવાનો ટેક્ષ કલમ 89 (1) હેઠળ relief તરીકે બાદ આપવામાં આવે છે.

કલમ 89(1) હેઠળ મળતી આવકવેરાની રાહત માટે વ્યાજ ચૂકવણી અંગે જરૂરી ફેરફાર

- હાલની વ્યાજની કલમો 234A, 234B અને 234C તદ્ઉપરાંત કલમ 140 A અને 143(1) હેઠળ વ્યાજ ગણતરી કરતી વખતે કલમ 89(1) ની relief બાદ કરવામાં નથી આવતી.
- હવે આ બધી કલમોમાં જરૂરી સૂચીત ફેરફાર કરવામાં આવેલ છે. એ હવે વ્યાજની ગણતરી વખતે 89(1) હેઠળની relief બાદ કરવામાં આવશે.
- આ ફેરફાર પાછલી તારીખ ૧-૪-૨૦૦૭ થી અમલ થશે.

કલમ ૨૩(૪) માં ફેરફાર અંગત રહેઠાણ માટેના મકાન મિલ્કતનું વાર્ષિક મૂલ્ય (Annual Value)

- કલમ ૨૩ હેઠળ, ભાડે આપેલ મકાન અને અંગત રહેઠાણ માટેનું મકાનનું વાર્ષિક મૂલ્ય (annual value) નક્કી કરવા માટેની જોગવાઈઓ છે.
- Annual value માટે મિલક્તનું વાર્ષિક ભાડું જે મળતું હોય (Received or Receivable) અથવા વાજબી ભાડું (fair rent), બેમાંથી જે વધારે હોય તે લેવાનું હોય છે.
- ત્યારબાદ તેમાંથી Vacancy Allowance અને Property Tax બાદ કરવાનું રહે છે.
- હાલની જોગવાઈ મુજબ, અંગત રહેઠાણ (Self Occupied) નું વાર્ષિક મૂલ્ય ''શૂન્ય'' ગણવામાં આવે છે. જો વ્યક્તિ પાસે બે મકાન હોય તો બે માંથી એક મકાન અંગત રહેઠાણ માટેની પસંદગી કરવાનો વિકલ્પ કરદાતાને મળે છે અને એનું વાર્ષિક ભાડું ''શૂન્ય'' ગણી અને બાકીની બીજી મિલ્કત ભાડેથી અપાયેલ છે એમ માનીને એનું વાર્ષિક ભાડું ગણતરી કરવાની રહે છે.
- હવે આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ થી, એક ઘરને બદલે બે ઘર જો અંગત રહેઠાણ માટે હશે તો તેનું વાર્ષિક ભાડું ''શૂન્ય'' ગણવામાં આવશે.
- વ્યાજની ચૂકવણી માટે બન્ને મિલ્કતો માટે કુલ્લ રૂા. ૨,૦૦,૦૦૦/- (કલમ ૨૪માં જરૂરી ફેરફાર)

કલમ ૨૩(૫) માં ફેરફાર - ઘર - મકાન જે stock -in-trade તરીકે રાખેલ હોય

- Finance Act 2017, દ્વારા આકારણી વર્ષ ૨૦૧૮-૧૯ થી કલમ ૨૩(૫) હેઠળ, stock-in-trade માં રહેલ મકાનનું જે વર્ષમાં બાંધકામ પૂર્ણ થયું હોય (O.C. recd) એ વર્ષ ઉપરાંત અન્ય એક વર્ષ પૂર્ણ થયા બાદ કાલ્પનિક (Notional) આવક ગણવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- એ કલમને લીધે Real estate Developers ને ઘણી તકલીફ ઉભી થયેલ છે.
- હવે એમાં આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ થી એક વર્ષ ને બદલે બે વર્ષ બાદ આવી કાલ્પનિક આવકની જોગવાઈ
- થોડીક રાહત આપતી જોગવાઈ

કલમ 43B : માં NBFC ને અંગે મહત્વનો ફેરફાર

- સામાન્ય રીતે ધંધાકીય ખર્ચ જે વર્ષમાં ચૂકવવાને પાત્ર (accrual) થાય એ વર્ષમાં બાદ મળે.
- કલમ 43B હેઠળ ઘણી statutory જવાબદારીઓ જે વર્ષમાં ખરેખર ચૂકવવામાં આવે (actual Payment) અથવા આવક પત્ર ભરવાની due date સુધી ભરવમાં આવે તો બાદ મળે છે.
- આ કલમ હેઠળ સરકાર વિવિધ પ્રકારના ખર્ચનો આમેજ કરે છે.
- અત્યાર સુધી નીચે જણાવેલ ખર્ચ કલમ 43B ની જોગવાઈ હેઠળ આમેજ કરવામાં આવેલ છે.
- Tax, duty, cess અને fee, contribution to P.F., Super annuation fund, Gratuity Fund, Bonus, Leave Enchasment, Public Financial Institution, State Financial Corporation, SIIC, Scedule Bank, Co-op Bank ને ચૂકવવા પાત્ર વ્યાજ, Indian Railway ને ચૂકવવા પાત્ર રકમ (મિલ્કતના ઉપયોગ બદલ)
- હવે આ કલમ હેઠળ NBFC ને ચૂકવવા પાત્ર વ્યાજને આમેજ કરવામાં આવેલ છે.
  - Deposit taking NBFC (Bajaj Finance Ltd., M M F S L)
  - Systematically important non-deposit taking NBFC \
    (Size of assets more than 500 CR)
- જો વ્યાજને નવી લોનમાં રૂપાંતર કરવામાં આવે તો તેને "actual Payment" ગણવામાં નહીં આવે.

Listed Sharesના Buy-Back સંબંધી નવી જોગવાઈઓ

- કંપની દ્વારા ડિવિડન્ડની વહેંચણી માટે DDT ની જવાબદારી
- DDTની જવાબદારીમાંથી છટકી જવા માટે Buy-back સરળ ઉપાય
- કંપનીના રીઝર્વમાંથી શેર-હોલ્ડરને નફાની વહેંચણી માટે ડિવિડન્ડના સ્થાને બાય-બેકની યોજના
- આ હેતુથી કલમ 46A હેઠળ શેર - હોલ્ડરને મળતા નાણા સંબંધી ફક્ત મૂડી નફાની જવાબદારી રહેતી
- આમ કરવાથી આવકવેરાની અસરકારક જવાબદારી ઘટાડી શકાતી
- આ હેતુને ડામવા unlisted sharesના Buy-back માટે તા. ૧-૬-૨૦૧૩ થી ૨૦% નો Additional Income Tax વસૂલ કરવાની જોગવાઈ કલમ 115QA (Chapter - XII-DA) હેઠળ કરવામાં આવી.

Listed Sharesના Buy-Back સંબંધી નવી જોગવાઈઓ

- આ કલમ હેઠળ કંપની દ્વારા પોતાના unlisted sharesના Buy-back સમયે શેર હોલ્ડરને ચૂકવાતી રકમમાંથી શેરના ઈશ્યુ સમયે કંપનીને મળેલ રકમ બાદ કરતા બાકી રહેતી રકમ પર ૨૦% ના લેખે Additional Income Tax ભરવાનો થાય છે. (Rule 44BB)
- હવે કલમ 115QA માં તારીખ **૫મી જુલાઈ ૨૦૧૯** થી જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે.
- હવે Listed Shares ના Buy-back પર કંપનીઓએ Additional Income Tax 20% ના લેખે ભરવાનો રહેશે.
- ચૂકવણીના ૧૪ દિવસની અંદર ટેક્ષ ભરવાનો રહે છે.
- કંપનીને આવક વેરો ભરવાનો ન થતો હોય તો પણ આ વધારાનો ટેક્ષ ભરવાની જોગવાઈ
- આ સાથે કલમ 10 (34A) માં પણ જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે.
- Gross-up of Dividend u/s 115-O (w.e.f. 1-10-2014)

અનલિસ્ટેડ શેરોના વેચાણ સંબંધી કલમ 50CA માં મહત્ત્વનો ફેરફાર

- આકારણી વર્ષ ૨૦૧૮-૧૯થી અમલમાં આવેલ આ નવી કલમ હેઠળ જો કરદાતા જ્યારે પોતાના અનલિસ્ટેડ કંપનીના શેરોનું વેચાણ કરે અને જો બજાર કિંમત (fair market value) વેચાણ કિંમતથી વધુ હશે તો બજાર કિંમત (fair market value) વેચાણ કિંમત તરીકે ગણવામાં આવશે અને તે પ્રમાણે Capital Gain Tax ભરવો પડશે.
- અનલિસ્ટેડ કંપનીના શેરની બજાર કિંમત કેવી રીતે ગણવી તે માટેના નિયમો બનાવવામાં આવ્યા છે.
- જો અનલિસ્ટેડ કંપની પાસે જે એસેટ (asset) હોય તે દરકેની fair market value કરવાની રહે છે. જો કંપની પાસે બીજી કંપનીના શેરો હોય તો પહેલા એ શેરોની fair market value કરવાની રહેશે. જો કંપની પાસે સ્થાવર મિલ્કત હોય તો Ready Reckoner પ્રમાણે કિંમત ગણવાની રહે છે.

અનલિસ્ટેડ શેરોના વેચાણ સંબંધી કલમ 50CA માં મહત્ત્વનો ફેરફાર

- જો વેચાણ કરનાર NRI હોય તો RBI ના નિયમો પ્રમાણે પણ Valuation કરવાનું રહે છે.
- જો કોઈ કંપની પોતાના શેરો Investment Trust ને વેચે તો SEBI ના નિયમ લાગુ પડે.
- એટલે એક ટ્રાન્ઝેકશન માટે ત્રણ પ્રકારના કાયદા – વેચાણ કરનારને તકલીફ
- એવી જ રીતે કલમ (૫૬(૨)(X)) હેઠળ ખરીદનારને પણ fair market value Rate લાગે.
- આ તકલીફને દૂર કરવા આ કલમ હેઠળ એક સુધારો સૂચવવામાં આવ્યો છે કે અમુક સંજોગોમાં ચોક્કસ જણાવેલ વ્યક્તિઓ એ વેંચાણ કરેલા શેર માટે આ કલમ લાગુ પડશે નહીં.

Non-resident ને Resident પાસેથી મળતી deemed Gift U/s 56(2)(X) અંગે કલમ ૯માં ફેરફાર

- Gift Tax Act તારીખ ૧-૧૦-૧૯૯૮ થી નાબુદ છે.
- કલમ 56(2)(v) હેઠળ તારીખ ૧-૯-૨૦૦૪ થી donee based Gift ને ''આવક'' તરીકે ટેક્ષ કરવામાં આવે છે.
- આ માટે ''આવક''ની કલમ 2(24)(xviia) હેઠળ વ્યાખ્યા કરવામાં આવેલ છે.
- હાલમાં કલમ 56(2)(X)માં એની જોગવાઈ છે અને એની વ્યાપકતા ખૂબ જ વધારવામાં આવી છે.
- કલમ 56(2)(X) હેઠળ "relative" પાસેથી મળતી રકમ અથવા મિલ્કતની થતી વેલ્યુ ટેક્ષ કરવામાં આવતી નથી.

Non-resident ને Resident પાસેથી મળતી deemed Gift U/s 56(2)(X) અંગે કલમ ૯માં ફેરફાર

- Non-resident ની ભારતમાં થયેલ આવકને ટેક્ષ કરવામાં આવે છે.
- કલમ ૯ હેઠળ "Income accrued or arise in India or received in India or is deemed to accrue or arise in India or deemed to be received in India.
- Resident પાસેથી Non-resident ને મળેલ "Gift" ને હાલના કલમ ૯ હેઠળ ટેક્ષ લગાડી શકાતો નથી. એવું મંતવ્ય છે.
- એટલે નવી પેટા કલમ (9) (i) (viii) આમેજ કરવામાં આવી છે અને હવે કલમ 2 (24) (xviia) હેઠળની આવક ટેક્ષ કરી શકાશે.

કલમ ૫૪ હેઠળ : બે ઘર ખરીદવા અથવા બાંધકામ સંબંધી કરમુક્તિની જોગવાઈ

- વ્યક્તિ તેમ જ HUF હોય તેવા કરદાતા જો પોતાની માલિકીના ઘરનું હસ્તાંતર કરે અને ચોક્કસ સમય મર્યાદામાં નવું ઘર ખરીદે અથવા બાંધકામ કરે તો વેંચાણ કરેલા ઘરમાંથી ઉદ્ભવતો લાંબા ગાળાનો મૂડી નફો (LTCG) કરમૂક્ત ગણવામાં આવે છે.
- "a residential house" ની બદલે "one residential house in India" (w.e.f. A.Y.2015-16)
- Holding period ત્રણ વર્ષને બદલે બે વર્ષ (w.e.f. A.Y. 2018-19)
- હવે આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ થી એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે જો લાંબા ગાળાનો મૂડી નફો (LTCG) ૨ કરોડથી વધુ ન હોય તો તમે એક ઘરની બદલે બે ઘર લઈ શકો છો.
- કરદાતાને option આપવામાં આવેલ છે અને એ આ option એક વખત જ લઈ શકશે.
- Welcome Provision - રાહત આપનારી કલમ

નવી કલમ 80EEA હેઠળ રૂ. ૪૫ લાખથી વધુ કિંમતના ન હોય એવા ઘર માટે લીધેલ લોન પર વ્યાજ માટે કર રાહત

- વર્ષ ૨૦૨૨ સુધી "સૌને ઘર"નો સંકલ્પ
- આ કલમ ફકત "વ્યક્તિગત" કરદાતા (Individual) માટે
- Resident or non -resident બન્નેને કર કપાતનો લાભ
- કલમ 88EE હેઠળ જેને કર રાહત મળતી ન હોય એવા કરદાતાને લાભ
- ઘરની કિંમત Stamp duty Ready Reckoner પ્રમાણે રૂા. ૪૫ લાખથી વધુ ન હોવી જોઈએ.
- લોન મંજુરી વખતે અન્ય કોઈ ઘર ન હોવું જોઈએ
- વધુમાં વધુ રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી વ્યાજની રાહત
- Interest Payable
- "નાણાંકીય સંસ્થા" પાસેથી હાઉસીંગ લોન તા. ૧-૪-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૨૦ સુધી મંજૂર થવી જોઈએ.
- "નાણાંકીય સંસ્થા"એટલે Banking Company, Housing Finance Company.
- આ કલમ હેઠળ બાદ લીધેલ વ્યાજ, અન્ય કલમ હેઠળ બાદ મળશે નહીં.

કલમ 80EEB – ઈલેક્ટ્રીક વાહનો ખરીદવા માટે લીધેલ લોન પર ચૂકવણીપાત્ર વ્યાજ માટે કર રાહત

- આ કલમ ફક્ત વ્યક્તિગત (Individual) કરદાતા માટે
- આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ થી અમલમાં
- ઈલેક્ટ્રીક વાહન ખરીદવા માટે લોન તા.૦૧.૦૪.૨૦૧૯ થી ૩૧.૦૩.૨૦૨૩ સુધી મંજૂર થયેલ હોવી જોઈએ.
- લોન financial Institution એટલે કે Banking Company, NBFC (Deposit taking) અથવા NBFC (Non Deposit Taking) પાસેથી લીધેલ હોવી જોઈએ.
- વ્યાજ વધુમાં વધુ રૂ. ૧,૫૦,૦૦૦ બાદ મળશે.
- આ કલમ હેઠળ બાદ લીધેલ વ્યાજ, અન્ય કલમ હેઠળ બાદ મળશે નહી.
- ઈલેક્ટ્રીક વાહનની વ્યાખ્યા - Power by Electric Motor & Traction Battery
- Interest Payable
- નોકરીયાત કરદાતા તથા ધંધા સિવાયના અન્ય કરદાતાને ઉપયોગી

કલમ 80IBA - નાના ઘર બાંધવા માટે હાઉસીંગ પ્રોજેક્ટને 100% કપાત - મહત્વનો સુધારો

- ૨૦૧૬ના બજેટમાં "Affordable Housing" ને વેગ આપવા નાના ઘરના બાંધકામ માટેના હાઉસીંગ પ્રોજેક્ટમાંથી થતા નફાને ૧૦૦ ટકાનો કપાત લાભ આકારાણી વર્ષ ૨૦૧૭-૧૮થી આપવામાં આવેલ.
- હાઉસીંગ પ્રોજેક્ટ તા.૧-૬-૨૦૧૬ થી ૩૧-૩-૨૦૧૯ સુધીમાં "Competant Authority" પાસેથી approved થવો જોઈએ.
- હાઉસીંગ પ્રોજેક્ટ approved તારીખથી પાંચ વર્ષમાં પૂર્ણ થવો જોઈએ.
- હાઉસીંગ પ્રોજેક્ટમાં 3% થી વધારે કોમર્શીયલ એરીયા (શોપ/ઓફીસ) ન હોવું જોઈએ.

કલમ 80IBA - નાના ઘર બાંધવા માટે હાઉસીંગ પ્રોજેક્ટને 100% કપાત - મહત્વનો સુધારો

➢ **હાઉસીંગ પ્રોજેકટની અન્ય અગત્યની જોગવાઈઓ**

ક્રમ	શહેર	ફ્લોર એરીયા રેશીયો	પ્લોટનું ક્ષેત્રફળ	ઘરનું ક્ષેત્રફળ RERA Carpet
અ	જો પ્રોજેક્ટ Metro Cities માં હોય તો	૯૦%	૧૦૦૦ ચો.મીટર	૩૦ મીટર
બ	અન્ય શહેરમાં હોય તો	૮૦%	૨૦૦૦ ચો.મીટર	૬૦ મીટર

કલમ 80IBA – નાના ઘર બાંધવા માટે હાઉસીંગ પ્રોજેક્ટને 100% કપાત – મહત્વનો સુધારો

- **આકારણી વર્ષ ૨૦૨૦-૨૧થી કલમ 80IBA માં નીચે જણાવેલ ફેરફાર કરવામાં આવેલ છે.**
- હાઉસીંગ પ્રોજેક્ટ approved ની છેલ્લી તારીખ ૩૧-૩-૨૦૧૯ હતી તેને લંબાવવામાં આવી છે અને હવે તારીખ ૩૧-૩-૨૦૨૦ સુધી approved થયેલ હાઉસીંગ પ્રોજેક્ટને આ કલમનો લાભ મળશે.
- જે હાઉસીંગ પ્રોજેક્ટ તારીખ ૧-૯-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૨૦ સુધી approved થયા હશે એવા પ્રોજેક્ટ માટે કલમ 80IB (2) ની પેટા કલમ (d) થી (i)મા નીચે પ્રમાણેની જોગવાઈઓ છે.
- "હાઉસીંગ પ્રોજેક્ટ" ફક્ત એક પ્રોજેક્ટ આવા પ્લોટ ઉપર હોવું જોઈએ
- "હાઉસીંગ પ્રોજેક્ટ"માં રહેલા ઘરની સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુ (value) ૪૫ લાખથી વધુ ન હોવી જોઈએ.
- જોકોઈ Individual વ્યક્તિને ઘર વેચવામાં આવ્યું હોય તો બીજું ઘર આવી વ્યક્તિ કે તેની પત્ની અથવા સગીર પુત્ર/પુત્રીને વેચી ન શકાય.

કલમ 80IBA - નાના ઘર બાંધવા માટે હાઉસીંગ પ્રોજેકટને 100% કપાત - મહત્વનો સુધારો

ક્રમ	શહેર	પ્રોજેક્ટ માટે પ્લોટનું	ઘરનું RERA Carpet ક્ષેત્રફળ	ફ્લોર એરીયા રેશીયો ક્ષેત્રફળ
અ	Metropolitan Cities of ● Bangalore ● Chennai ● Delhi National Capital Region (limited to Delhi, Noida, Greater Noida) ● Ghaziabad, Gurgaon, Faridabad, ● Hyderabad ● Kolkata ● Mumbai (Whole mumbai metropolitan Region)	૧૦૦૦ Sq. મીટર થી ઓછું ન હોવું જોઈએ	૬૦ મીટર થી વધુ ન હોવું જોઈએ	૯૦% થી ઓછો ન હોવો જોઈએ
બ	અન્ય શહેરમાં હોય તો	૨૦૦૦ Sq. મીટરથી ઓછું ન હોવું જોઈએ	૬૦ મીટર વધુ ન હોવું જોઈએ	૮૦% થી ઓછો ન હોવો જોઈએ

કલમ 139A - હેઠળ PAN લેવાની જવાબદારી - હવે Aadhaar નંબર ઉપયોગ થઈ શકે

- કલમ 139A હાલની જોગવાઈ હેઠળ, કરદાતાને PAN મેળવવાની જોગવાઈ છે.
- કલમ 139A તેમજ Rule 114 હેઠળ PAN ક્યા સંજોગોમાં, કોણે અને ક્યાં સુધીમાં મેળવવાના હોય છે તે જણાવવામાં આવ્યું છે.

ક્યા સંજોગોમાં	ક્યાં સુધી
કુલ આવક મુક્તિ મર્યાદા થી વધુ હોય	૩૧મી મે
TDSની કપાત કરાવવાને પાત્ર હોય તેવી કોઈ પણ રકમ મેળવનાર શખ્સ (TDS Deductee)	૩૧મી મે
ચેરીટેબલ ટ્રસ્ટ - 139 (4A) હેઠળ રીટર્ન ભરવાનું થાય	૩૧મી માર્ચ
આવક મુક્તિ મર્યાદાથી ઓછી હોય પણ વાર્ષિક ટર્નઓવર ૫ લાખથી વધુ હોય	૩૧મી માર્ચ
વ્યક્તિગત કરદાતા સિવાય કોઈ પણ કરદાતા એ વર્ષમાં રૂા. ૨૫ લાખ થી વધુ રકમના ફાઈનાનસીયલ વ્યવહાર કરેલ હોય	૩૧મી મે
એવા કરદાતાના ડાયરેકટર, પાર્ટનર, ટ્રસ્ટી, કર્તા, ફાઉન્ડર, CEO, Office Bearer વગેરે	૩૧મી મે

Rule 114B થી 114D – હેઠળ નિર્દિષ્ટ નાણાકીય વ્યવહારો માટે PAN જરૂરી

- અત્યારે ૧૨૦ કરોડથી વધુ ભારતીયો પાસે આધાર કાર્ડ છે.
- કરદાતાઓને સગવડ રહે એ હેતુથી PAN અને Aadhaar ની અદલાબદલી થઈ શકશે. (નવી કલમ 139 A (5E))
- માત્ર આધાર નંબર વડે આવકવેરાનું રીટર્ન ભરી શકાશે.
- જ્યાં પણ નિર્દિષ્ટ નાણાકીય વ્યવહારોની યાદી આપવામાં આવેલ છે.

  (Rule 114B થી 114D) ત્યાં હવે PAN ના બદલે Aadhaar નંબર આપી શકાશે
- આ માટે આવકધારાની કલમ 139A અને 139AA માં જરૂરી ફેરફાર સૂચવવામાં આવેલ.
- તા. ૧-૯-૨૦૧૯થી અમલ

  તદ્ઉપરાંત કલમ 139A(i) માં પેટા કલમ (vii) ઉમેરવામાં આવેલ છે. જે હેઠળ જે વ્યક્તિ <u>ચોક્કસ (નિર્દેશીત) વ્યવહારો</u> કરે અથવા કરવા માગતા હોય તો PAN ની અરજી કરવાની રહેશે. (Forex purchase, Cash withdrwal)
- નવી કલમ 139(6B) હેઠળ જે વ્યક્તિને વ્યવહારો માટે documents આપવામાં આવે છે. અને જેના માટે PAN જરૂરી છે. એ વ્યક્તિની જવાબદારી હશે કે PAN બરોબર Quote કરવામાં આવેલ છે.
- નવી કલમ 272 B (2A) અને 272 B (2B) હેઠળ રૂા. ૧૦,૦૦૦/-ની પેનેલ્ટી હવે દરેક default માટે

કલમ ૧૩૯ હેઠળ આવકવેરા રીર્ટન ભરવા અંગેની જોગવાઈમાં અગત્યના ફેરફારો

- હાલની કલમ ૧૩૯(૧) હેઠળ નીચે જણાવેલ વ્યક્તિની આવક કરમુકિત મર્યાદાથી વધુ હોય તો આવકવેરાનું રીર્ટન ભરવું પડે છે.

કરદાતા	આવક
ભાગીદારી પેઢી /LLP	શૂન્ય
કો-ઓપરેટીવ સોસાયટી	શૂન્ય
કંપની	શૂન્ય
વ્યક્તિગત કરદાતા, HUF, AOP, BOI	રૂા.૨,૫૦,૦૦૦/થી વધુ હોય તો

- જો વ્યક્તિ, HUF, AOP અથવા BOI કરદાતાની ગ્રોસ આવક (કલમ 10(38), કલમ 10A, કલમ 10B , કલમ 10BA, Chapter VI-A ની effect આપ્યા પહેલા) maximum amount not chargable to tax થી વધુ હોય તો એવા સંજોગોમાં આવકવેરાનું રીર્ટન ભરવું પડે છે.

કલમ ૧૩૯ હેઠળ આવકવેરા રીર્ટન ભરવા અંગેની જોગવાઈમાં અગત્યના ફેરફારો

- ચેરીટેબલ ટ્રસ્ટના કેસમાં, કલમ ૧૧ અને કલમ ૧૨ હેઠળ કરમુક્તિની જોગવાઈને લક્ષમાં રાખ્યા વિના જો આવક રૂા. ૨,૫૦,૦૦૦/- વધુ હોય તો આવકવેરાનુ રીર્ટન ભરવું પડે છે.
- હવે કલમ ૧૩૯(૧)માં સૂચિત ફેરફાર પ્રમાણે કલમ 54, કલમ 54B, કલમ 54D, કલમ 54EC, કલમ 54F, કલમ 54G, કલમ 54GA, અને કલમ 54GB, હેઠળ મળતા Exemptionને લક્ષમાં રાખ્યા વિના જો આવક રૂા. ૨,૫૦,૦૦૦/- થી વધુ હોય તો આવકવેરાનું રીર્ટન ભરવું પડશે.
- ઉપરાંત અન્ય ફેરફારમાં જો કોઈ વ્યક્તિ (company and Firm સિવાય) નીચે જણાવેલ વ્યવહારો વર્ષ દરમ્યાન કરે તો હવેથી એને આવકવેરાનું રીર્ટન ભરવું પડશે.
  - (૧) એક અથવા વધુ Banking Company / Co-op. Bank માં રાખેલ Current A/c ખાતામાં કુલ્લ એક કરોડથી વધુ રકમની ડીપોઝીટ કરેલ હોય.
  - (૨) Foreign Travelling માં કુલ્લ ૨ લાખથી વધુ રકમનો ખર્ચ પોતાના માટે કે અન્ય માટે કરેલ હોય
  - (૩) Electricity Consumption નું કુલ્લ બીલ રૂા ૧ લાખથી વધુ હોય
- આ સુધારો આકારણી વર્ષ ૨૦૨૦-૨૧થી લાગુ પડશે.

Faceless E-assessment – અંગે સરકારનો નવો અભિગમ

- આવકવેરા ધારાની કલમ 143 (2) હેઠળ સ્ક્રુટિની એસેસમેન્ટ ક્યારે કરી શકાય એની જોગવાઈ છે.
- કલમ 143 (2) હેઠળ, સ્ક્રુટિની માટેની નોટીસ આવકવેરા પત્રક જે નાણાકીય વર્ષમાં ભરાયું હોય તેના અંતથી છ મહિનાની અંદર ઈશ્યુ કરી શકાય છે.
- કરદાતા તેમજ આવકવેરા અધિકારી વચ્ચે direct સંપર્ક પર અંકુશ લાવવાના હેતુસર આવકવેરા ખાતાએ E-assessment નો અભિગમ છેલ્લા બે વર્ષથી અપનાવ્યો છે.
- ગયા વર્ષે કાયદાકીય સ્વરૂપ આપવા માટે નવી કલમ 143 (3A) અને 143 (3B)નો આમેજ છે.

Faceless E-assessment – અંગે સરકારનો નવો અભિગમ

- આ કલમ હેઠળ કેન્દ્ર સરકાર E-assessment માટેની સ્કીમ બનાવી અને એને notification દ્વારા notified કરી અમલમાં મૂકાશે. એવું ગયા વર્ષે જણાવવામાં આવ્યું હતું.
- આ સ્કીમના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે

  ૧ કરદાતા અને આવકવેરા અધિકારી વચ્ચેનો સંપર્ક નાબુદ કરવો.

  ૨ E-assessment દ્વારા efficiency, transparency (પારદર્શિકા) and accountability વધારવાનો

  ૩ Technology નો વધારે ઉપયોગ

  ૪ Team-based E-assessment rather than one Officer

  ૫ E-assessment through economics of scale and functional specialisation.

Faceless E-assessment –
અંગે સરકારનો નવો અભિગમ

- હવે નાણાપ્રધાનના પ્રવચનના ૧૨૪ પેરામાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ છે.
- સ્ક્રુટીનીની હાલની પધ્ધતિ - undesirable practices on part of Tax Officials.
- આ દૂષણને ડામવા -
  - આ વર્ષથી સામી વ્યક્તિની ઓળખ ન થાય એ રીતે તબક્કાવાર ઈલેક્ટ્રીક પધ્ધતિથી આકારણી
  - સેન્ટ્રલ સેલ દ્વારા નોટિસ મોકલવામાં આવશે.
  - જેમાં Assessing Officer નું નામ, હોદ્દો કે સ્થળ ગુપ્ત રહેશે.
- સેન્ટ્રલ સેલ ફક્ત કરદાતાં અને આવકવેરા વિભાગનો એકમાત્ર સંપર્ક સેતુ રહેશે.

કલમ ૧૯૪એ હેઠળ બેન્ક ડીપોઝીટ/પોસ્ટ ડીપોઝીટ ના વ્યાજ પર થતા TDS ની રકમ મર્યાદામાં વધારો

- કલમ૧૯૪એ ની પ્રવર્તમાન જોગવાઈઓ હેઠળ, બેંક ડીપોઝીટ અને પોસ્ટ ઓફીસ ડીપોઝીટના વ્યાજ સંબંધી રૂા.૧૦,૦૦૦/- થી વધુ વ્યાજની ચૂકવણીમાંથી ૧૦% ના દરે TDS કરવાની જોગવાઈ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ થી સીનિયર સીટીઝનના કેસમાં રૂા.૧૦,૦૦૦/- ને બદલે રૂા.૫૦,૦૦૦/- કરવામાં આવેલ.
- હવે આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ થી TDS માટેની મર્યાદા રૂા.૧૦,૦૦૦/- થી વધારીને રૂા. ૪૦,૦૦૦/- કરવામાં આવેલ છે.
- હવે Bank / Co-op Society / Post Office રૂા.૪૦,૦૦૦/-ની મર્યાદા સુધી TDS કાપશે નહીં.
- સરાફી નાણાંના વ્યાજ ચૂકવણી માટેની મર્યાદા હાલમાં જે રૂા. ૫૦૦૦/- છે તેમાં કોઈ ફેરફાર નથી.
- આ રૂા. ૪૦,૦૦૦/- ની મર્યાદા બેંક-બ્રાન્ચ દીઠે ગણવાની રહેશે અને જો બેંક "Core banking Solution" adopt કરેલ હોય તો એ પ્રમાણે TDS માટે મર્યાદા ગણવામાં આવશે.
- Recurring Deposits ના વ્યાજ પર પણ કપાત છે.

કલમ 194 DA હેઠળ જીવન વીમા પોલિસીની પાકતી કરમુક્ત ન હોય એવી રકમ પરTDSની જોગવાઈમાં ફેરફાર

- કલમ 10 (10D) હેઠળ અમુક શરતોને આધિન, જીવન વીમા પોલિસીની પાકતી રકમ કરમુક્ત છે.
- ૧લી ઓકટોબર, ૨૦૧૪ થી દાખલ કરાયેલ કલમ હેઠળ **કરમુક્તિને પાત્ર ન હોય** તેવી રકમ પર ૧% ના દરે (w.e.f.1-6-2016) TDS ની કપાત કરવામાં આવે છે.
- જો આવી કપાતને પાત્ર રકમ વર્ષ દરમ્યાન કુલ્લ રૂા. ૧ લાખથી ઓછી હોય તો TDS કરાવામાં આવતું નથી.
- હવે સૂચીત ફેરફાર મુજબ ૧% ને બદલે ૫% ના દરે TDS કરવામાં આવશે.
- હવે સંપૂર્ણ રકમ જે મળશે તેના પર નહીં પણ કરદાતાએ ભરેલ Insurance Premium ને બાદ કર્યા બાદ રહેતી રકમ પર TDS કરવાનો રહેશે.
- સુધારો તા. ૧-૯-૨૦૧૯ થી અમલમાં

કલમ ૧૯૪આઈ હેઠળ ભાડાની ચૂકવણી પર થતા TDSની રકમ મર્યાદામાં વધારો

- કલમ 194 I ની પ્રવર્તમાન જોગવાઈઓ હેઠળ ભાડાની આવક પર થતા TDS ના દર નીચે પ્રમાણે છે.

Assets નો પ્રકાર	TDS માટે ભાડાની મર્યાદા	TDS નો દર
પ્લાન્ટ, મશીનરી અને ઈક્વીપમેન્ટ	રૂા. ૧,૮૦,૦૦૦/-	૨%
જમીન, મકાન, ફેક્ટરી મકાન, ફરનીચર, ફીટીંગ વગેરે	રૂા. ૧,૮૦,૦૦૦/-	૧૦%

- કલમ 194 I હેઠળ "ભાડા"ની વ્યાખ્યા આપવામાં આવેલ છે.

- આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ થી રૂા. ૧,૮૦,૦૦૦/- ની ભાડાની મર્યાદા વધારી ને રૂા. ૨,૪૦,૦૦૦/- કરવામાં આવેલ છે.

કલમ 194 IA હેઠળ રૂા. ૫૦ લાખ કે તેથી વધુ કિંમતની સ્થાવર મિલ્કતના ખરીદ-વેંચાણના વ્યવહાર પર ૧ %ના દરે થતા TDS સંબંધી

- હાલની જોગવાઈ મુજબ, જો કોઈપણ સ્થાવર મિલ્કતનું (ખેતીવાડીની જમીન સિવાય) હસ્તાંતર થયું હોય અને હસ્તાંતરનું મૂલ્ય રૂા. ૫૦ લાખ કે તેથી વધુ હોય તો ખરીદનારે ૧ ટકાના લેખે TDS કપાત કરવાનું રહેશે.
- આ માટે ખરીદનારે TDS નંબર લેવાની જરૂરત નથી.
- Form No. 26QB દ્વારા TDS ની કપાત રકમ ભરવાની હોય છે.
- જો ફલેટ બીલ્ડર પાસેથી લેવામાં આવે તો ફલેટની વેંચાણ કિંમત સિવાય અન્ય રકમ પણ ચૂકવવામાં આવે છે. જેના પર હાલમાં TDSની જોગવાઈ નથી.
- સ્થાવર મિલ્કતમાં ફક્ત ''જમીન'' અથવા ''મકાન'' ગણવામાં આવશે.

કલમ 194 IA હેઠળ રૂા. ૫૦ લાખ કે તેથી વધુ કિંમતની સ્થાવર મિલ્કતના ખરીદ-વેંચાણના વ્યવહાર પર ૧ %ના દરે થતા TDS સંબંધી

➢ હવે સૂચિત ફેરફાર હેઠળ, સ્થાવર મિલ્કતનાં ‘‘વેંચાણ મૂલ્ય’’માં નીચે જણાવેલ ચાર્જીસને સાથે ગણી TDS કપાત કરવાની રહેશે.

- Club Membership Fee
- Car Parking Fee
- Electricity or Water Facility Fee
- Maintenance Fee
- Advance Fee
- any other charges of similar nature જે સ્થાવર મિલ્કતના વેંચાણ બાબત સાથે સંલગ્ન હોય

➢ સુધારેલ કલમનો અમલ તા. ૧-૯-૨૦૧૯ થી

નવી કલમ194M નિયત વ્યક્તિ તેમ જ HUF દ્વારા વાર્ષિક ૫૦ લાખથી વધુ "work" સંબંધી રકમ અથવા વ્યવસાયિક તેમ જ ટેકનિકલ સેવા સંબંધી ફી ચૂકવણી પર ૫%ના લેખે TDS ની કપાત જોગવાઈ

- હાલની કલમ 194C ની જોગવાઈ પ્રમાણે જો નિયત શખ્શ (specified person) દ્વારા કોઈ પણ રહીશ Contractor/sub-contractor ને કોઈપણ પ્રકારના કામ work માટે ચૂકવણી કરવામાં આવે તો ૧% અથવા ૨% પ્રમાણે TDS કપાત કરવાની જોગવાઈ છે. જો Contractનું મૂલ્ય રૂા. ૩૦,૦૦૦/- થી વધુ ન હોય અથવા આખા વર્ષ દરમ્યાન ચૂકાવાતી કુલ રકમ રૂ. ૧,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો TDS કપાત કરવાની જરૂરત નથી.

- હાલની કલમ 194 J ની જોગવાઈ પ્રમાણે વ્યવસાયિક તેમ જ ટેકનિકલ સેવા સંબંધી રૂા.૩૦,૦૦૦/- થી વધુ ફીની કરાતી ચૂકવણી પર ૧૦% ના લેખે TDS કપાત કરવાની રહે છે.

- બન્ને કલમ હેઠળ સ્પષ્ટતા કરવામાં આવી છે કે જો વ્યક્તિ કે HUF દ્વારા કરાયેલ Contract કે ફીની ચૂકવણી અંગત હેતુસર હોય તે તેવા કેસમાં TDS કપાત ની જવાબદારી રહેશે નહીં

નવી કલમ194M નિયત વ્યક્તિ તેમ જ HUF દ્વારા વાર્ષિક ૫૦ લાખથી વધુ “work” સંબંધી રકમ અથવા વ્યવસાયિક તેમ જ ટેકનિકલ સેવા સંબંધી ફી ચૂકવણી પર ૫%ના લેખે TDS ની કપાત જોગવાઈ

- હવે નવી કલમ 194Mની જોગવાઈ હેઠળ Individual અથવા HUF જેને કલમ 194 C અને કલમ 194 J ની જોગવાઈઓ લાગુ નથી પડતી, તેઓ જો વર્ષ દરમ્યાન કોઈ પણ વ્યક્તિને (રહીશ) work માટે અથવા professional services માટે રૂા. ૫૦ લાખથી વધુની ચૂકવણી કરે તો 5% ના લેખે TDS કપાત કરવાની રહેશે.
- કલમ 194 IA અને કલમ 194 IB પ્રમાણે TDS નો નંબર લેવાની જરૂરત નથી. (Form 26 QB & Form 26QC)
- આ નવી કલમ તા. ૧-૯-૨૦૧૯ થી અમલમાં

The Finance (No.2), Bill 2019 ના અન્ય મહત્વના સુધારા

- હાલની કલમ ૨૦૧(૧) ની જોગવાઈ હેઠળ કોઈ વ્યક્તિ રેસીડેન્ટને ચૂકવેલી રકમ પર TDS ન કરેલ હોય, અથવા TDS ન ભરેલ હોય અથવા કાપીની ભરેલ ન હોય તો પણ અને કલમ ૨૦૧(૧) ના 1st Proviso પ્રમાણે assessee in default ગણવામાં આવતો નથી. જો નીચે જણાવેલ શરતો પૂર્ણ કરેલ હોય.

  (૧) જે વ્યક્તિને રકમની ચૂકવણી કરેલ છે એ વ્યક્તિએ આવક પત્ર ભરેલ હોય

  (૨) એ આવકપત્રમાં ચૂકવણી કરેલ રકમ આવકની ગણતરીમાં બતાવેલ હોય

  (૩) એ વ્યક્તિએ આવકપત્રમાં બતાવેલ આવક પર ટેક્ષ ભરેલ હોય

  (૪) Form 26A - Chartred Accountant પાસેથી મેળવ્યું હોય

- અત્યાર સુધી આ Proviso નો લાભ ફક્ત resident ને ચૂકવેલ રકમ માટે હતો.
- હવે Proviso માં "resident" ને બદલે "Payee" શબ્દ કરવાથી નોન - રેસીડેન્ટને ચૂકવેલ રકમ પર TDS કપાત ન થયેલ હોય તો પણ ઉપર જણાવેલ ચાર શરતોનું પાલન કરવાથી assessee in default ગણવવામાં આવશે નહી.

નવી કલમ 194 N : એક કરોડથી વધુ રોકડ ઉપાડ પર ૨ % ના દરે TDS કપાત

- Less Cash Economy માટે જરૂરી પગલાના ભાગ રૂપે
- **કોને TDS કરવાનો રહેશે ?**
  - બેકીંગ કંપની
  - કો-ઓપરેટીવ સોસાયટી જે બેકીંગના ધંધામાં છે.
  - પોસ્ટ ઓફીસ
- **કઈ રકમ પર ?**
  - From Account maintained by Receipient
  - વર્ષ દરમ્યાન કુલ્લ ૧ કરોડથી જે વધુ રકમ રોકડ સ્વરૂપે ચૂકવેલ હોય એ રકમ પર TDS કપાત થશે.
- **કોને લાગુ પડશે ?**
  - ‘‘કોઈ પણ વ્યક્તિ’’ ને જે રોકડ રકમ ઉપાડે.

નવી કલમ 194 N : એક કરોડથી વધુ રોકડ ઉપાડ પર ૨ % ના દરે TDS કપાત

- **TDSનો દર**
  - ૨% લેખે

- **શું રોકડ ઉપાડ પર ૨% TDS ખાતા ધારકને નુકશાની ?**
  - નહીં. તે પોતાના આવકવેરા રીર્ટનમાં TDS claim કરી શકશે.

- **Effect અર્થાત પરિણામ**
  - Income Tax Department ની નજરમાં આવા વ્યક્તિઓ રહેશે.
  - High Chances of Scrutiny, Survey and search.

નવી કલમ 194 N : એક કરોડથી વધુ રોકડ ઉપાડ પર ૨ % ના દરે TDS કપાત

કોણ રોકડ ઉપાડશે તો પણ આ કલમ લાગુ નહીં પડે ?

- Government
- Banking Company
- Co-op. Society in Banking Business
- Post Office
- Any business Correspondent of Banking Company as per Guidelines issued by RBI in this regard
- Any white label automated teller machine opertor of Bannking company.
- such other person or class of persons, notified by Central Government.

ક્યારથી આ કલમ લાગુ પડશે ?

તા.૧-૯-૨૦૧૯ થી અમલમાં

નવી કલમ 269 SU – વાર્ષિક રૂા. ૫૦ કરોડથી વધુ વેંચાણ ધરાવતા ધંધાદારી વ્યક્તિઓ માટે

- અર્થતંત્રમાં રોકડ યુક્ત વ્યવહારોનું પ્રમાણ ઓછું કરવાના ભાગરૂપે આ નવી કલમ આમેજ કરવામાં આવી છે.
- સરકાર માનવું છે કે હાલમાં digital ચૂકવણી માટે ઓછા ખર્ચના અનેક વિકલ્પ છે. જેવા કે ભીમ, યુપીઆઈ - ક્યુ આર કોડ, આધાર ચૂકવણી, ડેબીટ કાર્ડ, NEFT, RTGS, વગેરે.
- આ કલમ એવા ધંધાદારી વ્યક્તિઓને લાગુ પડશે જેનું વાર્ષિક વેંચાણ ટર્નઓવર કે ગ્રોસ receipts આગલા વર્ષમાં ૫૦ કરોડથી વધુ હોય
- આવા ધંધાદારી વ્યક્તિઓ તેમના ગ્રાહકોને ચૂકવણી માટે આવા સસ્તા વિકલ્પો આપશે. (accepting payment through "prescribed electronic mode")
- આ કલમ તા. ૧-૯-૨૦૧૯ થી અમલમાં
- જો આવા ધંધાદારી વ્યક્તિઓ પોતાના ગ્રાહકોને ઉપર જણાવેલ prescribed વિકલ્પો આપશે નહીં તો નવી કલમ 271DB હેઠળ, દરેક દિવસના રૂા. ૫૦૦૦/-નો દંડ લાગશે.
- આ દંડ (પેનલ્ટી) Joint Commissioner of Income Tax લગાડી શકશે.

Digital Payment ને વેગ આપવા અન્ય કલમોમાં જરૂરી ફેરફાર

- Digital payment માટે કલમ 13A, 40A, 43, 43 CA, 44 AD, 50 C, 80 JJAA, 269 SS, 269 ST and 269 T માં જરૂરી ફેરફાર
- જ્યાં "Bank Account" છે ત્યાં હવે Bank Account or through such other Electronic mode as may be prescribed.
- જ્યાં "such cheque or draft or electronic clearing system છે ત્યાં હવે "or through such other mode as may be prescribed" શબ્દોનો વધારો

IFSC માં સ્થાપાયેલ Unitsને પ્રોત્સાહન આપવા આવકધારામાં અગત્યના ફેરફારો

- IFSC એટલે International Financial Service Centre
- GIFT SEZ, ગાંધીનગરને હવે International Financial Service Centre કહેવામાં આવે છે અને ભારતમાં હાલમાં ફક્ત એક જ centre છે.
- IFSC નો ઉદ્દેશ Non-resident અને residentને World Class Financial Service આપવાનો છે અને એના વ્યવહારો વિદેશી ચલણ (Foreign Currency) માં થાય છે.
- IFSC ને **"Deemed Foreign Territory"** ગણાવામાં આવે છે.

IFSC માં સ્થાપાયેલ Unitsને પ્રોત્સાહન આપવા આવકધારામાં અગત્યના ફેરફારો

- કોઈપણ Financial Institution અથવા એની બ્રાન્ચ જો IFSC માં unit set up કરે તો એને Non- Resident Indian located outside India ગણવામાં આવે છે.
- હાલની કલમ 80LA જોગવાઈ પ્રમાણે IFSC-Units પોતાની થયેલ આવકમાંથી પહેલા પાંચ વર્ષ ૧૦૦ ટકા અને પછીના પાંચ વર્ષ માટે ૫૦ ટકા આવકમાંથી બાદ મળે છે.
- કલમ 115JB હેઠળ જો કોઈ units IFSC માં હોય તો તેને MAT 18.50% ને બદલે 9% અને કલમ 115JC હેઠળ AMT 18.50% ને બદલે 9% લાગે છે.
- હાલની જોગવાઈ હેઠળ, IFSCમાં located Units ને DDT, STT અને CTT માંથી Exemption છે.

IFSC માં સ્થાપાયેલ Unitsને પ્રોત્સાહન આપવા આવકધારામાં અગત્યના ફેરફારો

- કલમ 47 હેઠળ જો Non-Resident દ્વારા IFSC માં માન્યતા પ્રાપ્ત Stock Exchange માં નીચે જણાવેલ Capital નું હસ્તાંતર (transfer) થાય તો તેને transfer ગણવામાં આવશે નહીં
  અ. બોન્ડ અથવા ગ્લોબલ ડીપોઝીટરી રસીદ
  બ. ભારતીય કંપનીના બોન્ડ જેની ચૂકવણી રૂપીયામાં થવાની હોય
  ક. ડેરીવેટીવઝ
- હવે કલમ 80LA ના સૂચિત ફેરફાર પ્રમાણે IFSC - units ને પ્રથમ ૧૫ વર્ષમાંથી કોઈ પણ ૧૦ વર્ષની આવકને ૧૦૦ ટકા લેખે deduction આપવામાં આવશે.
- નવી કલમ 10(15)(ix) હેઠળ IFSC-Units દ્વારા તા. ૧-૯-૨૦૧૯ અને ત્યારબાદ નોન-રેસીડેન્ટસ પાસેથી ઉછીના પૈસા લીધેલ હોય અને એ રકમ પર ચૂકવેલ વ્યાજ નોન રેસીડેન્ટસના હાથમાં સંપૂર્ણ કરમૂક્ત છે.

IFSC માં સ્થાપાયેલ Unitsને પ્રોત્સાહન આપવા આવકધારામાં અગત્યના ફેરફારો

- કલમ 47(viiab) હેઠળ ''અન્ય સીક્યુરીટીઝ'' (જે પાછળથી સરકાર જાહેર કરે)નું નોન-રેસીડેન્સ દ્વારા હસ્તાંતર થશે તો તેને "transfer" ગણવામાં આવશે નહીં.
- કલમ 47(viiab) નો લાભ હવે "specified fund " ને મળશે.
- કલમ 115A હેઠળ Non-resident અથવા Foreign Company ને dividend, interest, royalty & fee for technical services ને concessional rate પ્રમાણે Tax લાગે છે પણ Chapter -VI-A ના dedution આવી આવકમાંથી બાદ મળતા નથી. હવે આમા ખુલાસો કરવામાં આવેલ છે કે કલમ 80LA હેઠળ કરકપાતને આ કલમ લાગુ પડશે નહી.
- હાલની કલમ 115O (8) હેઠળ IFSC - Units ને DDT નથી લાગતો, જો એ પોતાની current આવકમાંથી Dividend distribution કરે. હવે સૂચિત ફેરફાર પ્રમાણે આવા units accumulated profit માંથી પણ dividend જાહેર કરી શકાશે અને તેમને DDT ની કર માફી મળશે.
- હાલની કલમ 115 R (2) હેઠળ mutual fund જો units પર income distribution કરે તો DDT લાગે છે. પણ સૂચિત ફેરફાર પ્રમાણે જો specified mutual fund જે IFSC માં હોય અને જો એ units પર income distribute કરે તો તેના પર હવે DDT નહીં લાગે.

કલમ 276CC : આવકવેરા રીટર્ન ન ભરવા સબંધી જેલની સજા અંગેની જોગવાઈમાં ફેરફાર

- હાલની કલમ 276 CC હેઠળ જવાબદાર વ્યક્તિ આવકવેરા રીટર્ન ભરવાનું ઈરાદાપૂર્વક ટાળે તો તેવા કેસમાં ત્રણ મહિનાથી સાત વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે.

- **આ કલમ હેઠળ બે સંજોગોમાં સજા માટે કાર્યવાહી ન કરી શકાય:**

: આકારણી વર્ષ પૂર્ણ થતા પહેલાં આવકવેરાનું રીટર્ન ભરી દે અથવા
: કરદાતાના કેસમાં તેની આવકની આકારણી કરતા, જે ટેક્ષ ભરવાનો થાય તેમાંથી Advance Tax અને TDS ને બાદ કર્યા બાદ ટેક્ષ ભરવાનું રૂા. ૩૦૦૦થી ઓછું હોય (કંપની કરદાતા સિવાય)

- હવે કલમ 276CCમાં જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે અને TCS તથા S A Tax આકારણી વર્ષ સુધીમાં ભરેલ હશે તો એ બાદ કર્યા બાદ ટેક્ષની જવાબદારી રૂા. ૧૦,૦૦૦/- થી ઓછી હોવી જોઈએ.

કલમ 285 BA : હેઠળ ભરવા પાત્ર AIR અંગેની જોગવાઈમાં ફેરફાર

- હાલની કલમ 285 BA જોગવાઈ પ્રમાણે ચોક્કસ જણાવેલ વ્યક્તિઓ specified financial transaction માટે 61A માં રીર્ટન ભરવાનું રહે છે.
- આ કલમ હેઠળ Rule 114 E માં કઈ ચોક્કસ વ્યક્તિએ ક્યા પ્રકારનાં Financial transactions માટે રીર્ટન ભરવાનું છે તે દર્શાવવામાં આવ્યું છે.
- રીર્ટન સમયસર ન ભરવાથી કલમ 271FA હેઠળ રૂા. ૫૦૦ થી રૂા. ૧૦૦૦ સુધી દિવસ દીઠ દંડ લાગી શકે છે.
- હવે આ કલમ હેઠળ હાલમાં જણાવેલ વ્યક્તિ સિવાય અન્ય વ્યક્તિને પણ AIR ભરવાની જવાબદારી સરકાર જાહેર કરી શકે.
- વર્ષ દરમિયાન કુલ રૂા. ૫૦,૦૦૦/- થી ઓછા વ્યવહારો માટે હાલની જોગવાઈ પ્રમાણે Report કરવાની જવાબદારી નથી તે પેટા કલમને કાઢી મૂકવામાં આવી છે.
- જો વ્યક્તિએ રીર્ટનમાં ભૂલ કરેલ હોય પણ એ ભૂલ ન સુધારે તો તેને "Inaccurate Return" સમજી કલમ 271FAA હેઠળ રૂા.૫૦,૦૦૦/-નો દંડ લાગી શકશે.

કલમ 12AA : હેઠળ આવકવેરા કમીશનરને Registration & Cancellation માટે વધુ અપાતી સતા

- કલમ 12AA ની જોગવાઈ હેઠળ ટ્રસ્ટને કલમ ૧૧ અને ૧૨ માં જણાવેલ કરમુક્તિનો લાભ લેવા માટે ટ્રસ્ટની કમિશનર પાસે નોંધણી જરૂરી
- કલમ 12 AA હેઠળ ટ્રસ્ટને રજીસ્ટ્રેશન મેળવવા સબંધી કાર્યવાહીની જોગવાઈ છે.
- કલમ 12 AA હેઠળ કમીશનરને ટ્રસ્ટની પ્રવૃત્તિઓની વાસ્તવિકતા (Genuineness of activities) તેમ જ ઉદ્દેશો (objects) અંગે યોગ્ય સંતોષ મેળવવા જરૂરી સત્તા આપવામાં આવેલ છે.
- હવે સૂચીત જોગવાઈ અનુસાર કમીશરનની સત્તામાં વધારો કરવામા આવેલ છે અને હવે રજીસ્ટ્રેશન વખતે પોતે એની ખાત્રી કરશે કે ટ્રસ્ટ અન્ય કાયદા હેઠળની આવશ્યક જોગવાઈઓ પરિપૂર્ણ કરેલ છે, જે ટ્રસ્ટના હેતુઓને સિધ્ધ કરવા માટે જરૂરી છે.
- આ માટે કમીશનર પોતાને જરૂરી લાગે એ પ્રમાણે તપાસ કરી શકશે.
- ત્યારબાદ ટ્રસ્ટને રજીસ્ટ્રેશન આપશે.
- ટ્રસ્ટને રજીસ્ટ્રેશન આપ્યા બાદ જો કમીશનરને ખબર પડે કે ટ્રસ્ટએ અન્ય કાયદા હેઠળ ટ્રસ્ટના હેતુ સિધ્ધ કરવા જે આવશ્યક જોગવાઈઓનું ઉલ્લંઘન કરેલ છે. તો તે ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન રદ કરી શકે છે.

કલમ 54GB : રહેઠાંણ વેંચાણમાંથી ઉદ્ભવતા LTCGને Eligible Start-up ની Equity માં રોકાણને કર રાહત

- આ કલમ ફક્ત Individual and HUF ને લાગુ પડે છે.
- કલમ 54GB હેઠળ આરાકાણી વર્ષ ૨૦૧૭-૧૮ થી અમલી બને તેમ રહેઠાણની મિલક્તમાંથી ઉદ્ભવતો LTCGને કરમુકિત માટે Start-upની Equity માં રોકાણની જોગવાઈ કરવામાં આવી
- કરમુક્તિ માટે "Net Consideration" અર્થાત વેંચાણ કિંમતનો Eligible Start-upની Equity માં રોકાણ જરૂરી
- રહેઠાણનું વેંચાણ તા. ૧-૪-૨૦૧૬ થી ૩૧-૩-૨૦૧૯ સુધી થવું જોઈએ.
- હવે આ કલમ હેઠળ રહેઠાણના વેંચાણ સબંધી LTCG ની કરમુક્તિ માટે તારીખ ૩૧-૩-૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે.
- તદ્ઉપરાંત કલમ 54GB(4) હેઠળ હાલની જોગવાઈ પ્રમાણે eligible Start-up પાંચ વર્ષની સમય મર્યાદામાં નવી લીધેલ "asset" વેંચી શકે નહીં.
- હવે આ કલમમાં Computer અથવા Computer software સબંધી વેંચાણ સમય મર્યાદા પાંચ વર્ષને બદલે ત્રણ વર્ષ કરવામાં આવેલ છે.
- હાલની જોગવાઈ મુજબ, કરદાતાની Eligible Start-upમાં 50% થી વધારેનું Shareholding હોવું જોઈએ. હવે આ મર્યાદા સૂચિત ફેરફાર પ્રમાણે 25% કરવામાં આવેલ છે.
- આ ત્રણે ફેરફાર Start-up ને પ્રોત્સાહન આપવા કરવામાં આવ્યા છે.

NITIN MARU & ASSOCIATES

કલમ 79 'Start-up comapny માટે ધંધાકીય નુકશાનીને set off' and carried forward માટેની શરતોમાં અગત્યનો ફેરફાર

- હાલની કલમ 79 ની જોગવાઈ મુજબ closely-held company ના (start-up કંપની સિવાય) કેસમાં જે વર્ષમાં નુકશાની થઈ હોય એ વર્ષના છેલ્લા દિવસે જે equity shareholding હોય અને જે વર્ષમાં આ નુકશાનીને set off કરવું હોય તો તે વર્ષના છેલ્લે દિવસે જે equity shareholding હોય તે બન્નેમાં ઓછામાં ઓછા 51% ની શેર હોલ્ડીંગમાં કોઈપણ ફેરફાર ન હોવો જોઈએ અન્યથા આવી નુકશાનીનો set off અને carried forward કરવાનો લાભ કંપની ને મળશે નહીં.
- જો closely-held કંપની જો start-up company હોય તો, જે વર્ષમાં નુકશાની થઈ હોય, એ વર્ષના છેલ્લા દિવસે જે બધા શેરહોલ્ડરો જેટલા equity shares કંપનીમાં ધરાવતા હોય, તેઓ એ જે વર્ષમાં નુકશાનીને set off કરવાનું હોય એ વર્ષના છેલ્લા દિવસે પણ બધા શેર ધરાવતા હોવા જોઈએ તદ્ઉપરાંત જે નુકશાની હોય તે કંપની અસ્તીત્વમાં આવી તેના ૭ વર્ષના સમય ગાળાના હોવા જોઈએ.
- હવે start-up company ને વધુ પ્રોત્સાહન આપવા માટે ઉપર જણાવેલ બે જોગવાઈમાંથી કોઈ પણ એક જોગવાઈને સંતુષ્ટ (satisfy) કરશે તો પણ નુકશાની બાદ મળશે.

IDS 2016 માં મહત્વનો સુધારો

- Finance Act, 2016 ની કલમ 187, દ્વારા IDS 2016 અમલમાં
- જે વ્યક્તિઓએ IDS માં declaration ભર્યું છે, પણ "Due Date" સુધી ટેક્ષ ભરાયો ન હોય તો કાયદાકીય રીતે આવી વ્યક્તિને ઘણી તકલીફ થશે શકે.
- આ હાલાકી ને નજરમાં રાખીને સૂચિત ફેરફાર પ્રમાણે સરકાર "Class of person" notify કરશે. આવા વ્યક્તિઓ વ્યાજ સાથે IDS 2016 હેઠળ ભરવાના પાત્ર થતા Tax, વ્યાજ અને Penalty ભરી આ સ્કીમનો લાભ મેળવી શકશે.
- IDS 2016 હેઠળ ભરાયેલ ટેક્ષની રકમ વધુ ભરાઈ હોય તો refundની જોગવાઈ નથી.
- હવે આમાં સુધારો સુચાવાયેલ છે અને declaration પ્રમાણે થતાં tax થી વધુ tax ભરાયો હોય તો હવે refund મળશે.

બેનામી પ્રોપર્ટીસ ટ્રાન્સેક્શન ACTમાં જરૂરી ફેરફાર (PBP ACT)

- રૂા. ૨૫,૦૦૦/- સુધીની penaltyની જોગવાઈ
- Certified copies of records or other documents in custody of Authority as evidence.

બ્લેકમની ધારા ૨૦૧૫ માં અગત્યનો ફેરફાર

- કાળા નાણાં માટે મોદી સરકારની સખતાઈ
- IDS 2016 નોટબંધી , B P Act અને B M Act એ કાળા નાંણા બહાર કાઢવાના સંદર્ભમાં જરૂરી પગલા હતા.
- કોઈ વ્યક્તિ જેનું Residential Status રહીસ હોય અને જો એ વિદેશમાં આવક કે મિલ્કત ધરાવે અને તે આવકવેરા ધારા હેઠળ જાહેર ન કરે તો તેના માટે Black Money (Undisclosed Foreign Income & Assets) Imposition of Tax Act 2015 હેઠળ ટેક્સ, વ્યાજ, દંડ અને જેલની સજાની જોગવાઈઓ છે.
- આ કાયદાને ૨૦૧૫માં પાસ કરવામાં આવેલ (૨૬-૫-૨૦૧૫) અને તારીખ ૧-૪-૨૦૧૬થી અમલમાં લાવવાની જોગવાઈ હતી.
- પરંતુ સરકારે Notification દ્વારા તેને ૧-૪-૨૦૧૬ ને બદલે ૧-૭-૨૦૧૫ થી અમલમાં આવેલ

બ્લેકમની ધારા ૨૦૧૫ માં અગત્યનો ફેરફાર

- આ Notificationને ગૌતમ ખેતાને (VVIP Chopper Scam) Delhi High Court માં પડકારેલ અને Delhi High Court એ Stay આપેલ.
- સરકાર Delhi High Court ના order ની સામે Supreme Court માંગયેલ અને ૨૧-૦૭-૨૦૧૯ માં Delhi High Court ના Stay Orderને vacatedકરેલ છે.
- આ Black Money Act હેઠળ one time Amnesty પણ આપવામાં આવેલ જો એ 30% Tax અને 30% Penalty ભરી છૂપાવેલ વિદેશી આવક અથવા Assets જાહેર કરે. (30.09.2015 સુધી disclose કરવાની અને 31.12.2015 સુધી Tax અને Penalty ભરવાની હતી.)
- આ કાયદો non-resident કરદાતા અને વ્યક્તિગત કરદાતા જે RNOR ને લાગુ પડતો નથી.
- આ કાયદા હેઠળ કાર્યવાહી કરવાની કોઈ સમય મર્યાદા નથી અને 30% ટેક્ષ, 90% દંડ અને ૩-૧૦ વર્ષ સુધીની જેલની સજા છે.

બ્લેકમની ધારા ૨૦૧૫ માં અગત્યનો ફેરફાર

- આ કાયદો Non -resident કરદાતા અને વ્યક્તિગત કરદાતા જે RNOR ને લાગુ પડતો નથી.
- આ કાયદા હેઠળ કાર્યવાહી કરવાની કોઈ સમય મર્યાદા નથી અને 30% ટેક્ષ, 90% દંડ અને ૩થી ૧૦ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈઓ છે.
- તા.૩૦.૦૬.૨૦૧૫ પછી કોઈ પણ (Foreign income and assets deleted થાય તો આ કાયદા હેઠળ કાર્યવાહી થશે.
- આ કાયદા હેઠળ એક છટકબારી હતી કે જો વ્યક્તિ resident હોય તે પાછળના વર્ષમાં non-resident બની જાય તો કાર્યવાહી થઈ શકે ?
- હવે કાયદામાં જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે. હવે જો કોઈ વ્યક્તિ પહેલા રેસિડેન્ટ હોય અને હાલમાં non-resident થઈ જાય પણ જે વર્ષમાં આવક અથવા Asset ને છૂપાવેલ હોય ત્યારે જો એ resident હોય તો તેને Black Money Act ની જાગવાઈઓ લાગુ પડશે.
- આવી વ્યકિતની મિલ્કત દેશમાં હોય કે દેશની બહાર હોય તો પણ આવકવેરા ખાતુ હવે તેના પર ટાંચ લગાવી શકશે.